This Question Paper contains 16 printed pages.
(Part - A & Part - B)

Sl.No. 607561

# 10(G)

(MARCH, 2015)

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet. |
| 6 |

Part - A : Time : 1 Hour / Marks : 50

Part - B : Time : 2 Hours / Marks : 50

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના વિભાગ-A માં હેતુલક્ષી પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુંમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

■ 1 થી 50 પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચાં વિકલ્પનો ક્રમ અક્ષર પર શીટમાં પેનથી ઘટ્ટ કરવું :

1) નીચેની કઈ ધાતુ વજનમાં હલકી છે ?

(A) લોખંડ (B) સોનું

(C) તાંબું (D) મેગ્નેશિયમ

2) ભારતનું સૌથી મોટું મહાકાય પ્રાણી કયું છે ?

(A) ગેંડો (B) હાથી

(C) હિપોપોટેમસ (D) ઝિબ્રા

3) ભારત સરકારે 'રાષ્ટ્રીય સ્મારકો'ની જાળવણીનું કામ કોને સોંપ્યું છે ?

(A) પ્રવાસ અને પર્યટન ખાતાને

(B) પર્યાવરણ ખાતાને

(C) પુરાતત્ત્વ ખાતાને

(D) શિક્ષણ ખાતાને

4) પ્રશ્નનો જવાબ આપવા માણેકનગરનાં નકશાનું ધ્યાનપૂર્વક અવલોકન કરો.




સુશીલા મસ્જીદ પાસે રહે છે અને દરરોજ પોલીસ સ્ટેશન, જ્યાં તે કામ કરે છે, ત્યાં સુધી મુસાફરી કરે છે. ચોમાસામાં તેને કામ પર પહોંચવામાં મુશ્કેલી પડે છે. સુશીલાની આ મુશ્કેલીનું સૌથી વધુ સંભવિત કારણ શું હોઈ શકે ?

(A) શાળાઓની બસોને લીધે રસ્તાનું ગીચ બનવું.

(B) તેને પોલીસ સ્ટેશન પહોંચવા નદી ઓળંગવી પડે છે.

(C) કાચા રસ્તાઓનું ભીના કાદવથી લપસણું બનવું.

(D) પોલીસ સ્ટેશનના રસ્તામાં ઘણાં નબળા ઝાડ છે.

5) ભારતમાં સિંદરી કયા ઉદ્યોગ માટે જાણીતું છે ?

(A) રસાયણ ઉદ્યોગ

(B) સિમેન્ટ ઉદ્યોગ

(C) ખાતર ઉદ્યોગ

(D) તાંબું-ગાળણ ઉદ્યોગ

6) ભારતના રાષ્ટ્રીય ઉદ્યાનોને યોગ્ય ક્રમમાં જોડી નીચે આપેલો સાચો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (a) કાઝીરંગા | (1) ગુજરાત |
| (b) ગીર | (2) રાજસ્થાન |
| (c) કાન્હા | (3) અસમ |
| (d) રણથંભોર | (4) મધ્યપ્રદેશ |

(A) a-4, b-3, c-1, d-2 (B) a-3, b-1, c-2, d-4

(C) a-1, b-2, c-4, d-3 (D) a-3, b-1, c-4, d-2

7) ભારતમાં સૌથી મોટું જલ વિદ્યુતમથક કયા રાજ્યમાં છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર

(C) કર્ણાટક (D) તમિલનાડુ

8) કઈ ઔષધીય વનસ્પતિ એકમાત્ર ભારતમાં થાય છે ?

(A) અશ્વગંધા (B) રજનીગંધા

(C) સર્પગંધા (D) મત્સ્યગંધા

9) જાહેર અને ખાનગી સંસ્થાઓમાં કેટલા ટકા વિકલાંગોને રાખવામાં આવે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે ?

(A) 3 ટકા કે તેથી વધારે
(B) 4 ટકા કે તેથી વધારે
(C) 5 ટકા કે તેથી વધારે
(D) 10 ટકા કે તેથી વધારે

10) આપણે કયા રોગ ઉપર નિયંત્રણ સાધી શક્યા નથી ?

(A) મલેરિયા
(B) પોલિયો
(C) કમળો
(D) એઈડ્સ

11) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) પશ્ચિમબંગાળને 'સોનેરી પાનનો મુલક' કહે છે.
(B) ભારતમાં રબરનું સૌથી વધુ ઉત્પાદન કેરલમાં થાય છે.
(C) ગુજરાતનો 'કાનમ' પ્રદેશ કપાસના ઉત્પાદન માટે જાણીતો છે.
(D) કર્ણાટકનો કુર્ગ વિસ્તાર કોફીના વધુ ઉત્પાદન માટે જાણીતો છે.

12) ભારતનો સૌથી મોટો અને આદર્શ બાયોગૅસ પ્લાન્ટ કયા ગામે સ્થાપવામાં આવ્યો છે ?

(A) પાટણમાં
(B) દાંતીવાડામાં
(C) મેથાણમાં
(D) સિધ્ધપુરમાં

13) ભારતમાં સુતરાઉ કાપડની સર્વપ્રથમ મિલ ક્યાં સ્થપાઈ હતી ?

(A) મુંબઈ
(B) સુરત
(C) અમદાવાદ
(D) ચેન્નાઈ

14) બંધારણની કઈ કલમ અનુસૂચિત જનજાતિઓની ઓળખ આપે છે ?

(A) 340
(B) 341
(C) 342
(D) 343

15) ભારતની આબોહવા કેવા પ્રકારની છે ?

(A) ગરમ અને ભેજવાળી
(B) ગરમ અને સૂકી
(C) શીતળ અને ભેજવાળી
(D) મોસમી

16) કેન્દ્ર સરકારે ગ્રાહકોની સુરક્ષાના કાયદાના અમલ માટે રચેલું કમિશન કયા નામે ઓળખાય છે ?

(A) ગ્રાહક સુરક્ષા આયોગ
(B) રાષ્ટ્રીય અદાલત આયોગ
(C) સંગ્રહખોરી પ્રતિબંધક આયોગ
(D) રાષ્ટ્રીય ઉપભોક્તા આયોગ

17) વિશ્વ વેપાર સંગઠનનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) પેરિસ (B) જિનીવા

(C) દિલ્લી (D) ન્યૂયોર્ક

18) બંધારણના કયા આર્ટિકલ પ્રમાણે રાજ્ય કોઈપણ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખી શકશે નહિ ?

(A) 18 (B) 29

(C) 15 (D) 28

19) નીચેનામાંથી વિશ્વનો સામ્યવાદી દેશ કયો છે ?

(A) ભારત (B) ચીન

(C) નેપાળ (D) યુ.એસ.એ.

20) પ્રાચીન સમયમાં 'અર્થશાસ્ત્ર' નામના ગ્રંથની રચના કોણે કરી હતી ?

(A) દ્રોણાચાર્યે (B) કૌટિલ્યે

(C) ચંદ્રગુપ્તે (D) સમુદ્રગુપ્તે

21) ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને કેટલા ટકા અનામતની જોગવાઈ થયેલી છે ?

(A) 25 (B) 28

(C) 30 (D) 33

22) નીચેનું કયું જોડકું ખોટું છે ?

(A) વિમાનો - કાનપુર

(B) રેલવે એંજિન - વારાણસી

(C) રેલવેના ડબ્બા - પેરામ્બુર

(D) દરિયાઈ જહાજો - કંડલા

23) ગુજરાતનો કયો પ્રદેશ ઘઉંના ઉત્પાદન માટે જાણીતો છે ?

(A) કાનમ

(B) ચરોતર

(C) ભાલ

(D) નળકાંઠા

24) કેટલીક સેવાઓ "આવશ્યક સેવાઓ" તરીકે ઓળખાય છે જે નાગરિકો માટે જરૂરી હોય છે. જો તે ટૂંકા સમય માટે પણ બંધ કરવામાં આવે તો સામાન્ય જનજીવન ખોરવાઈ જાય છે. સરકાર આવશ્યક સેવાઓ પૂરી પાડતા સ્થળોએ કામ કરતા લોકોના હડતાલ પર જવા પર પ્રતિબંધ મૂકી શકે છે. નીચેનામાંથી કઈ આવશ્યક સેવા હોઈ શકે ?

| |
|---|
| 1. ગેસ અને પાણી પુરવઠો |
| 2. ભારતીય ધ્વજનું ઉત્પાદન |
| 3. વર્તમાનપત્રો અને ટીવી સમાચાર ચેનલો |
| 4. ટપાલ, ટેલીગ્રાફ કે ટેલીફોન સેવા |

(A) માત્ર 3

(B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 4

(D) આપેલા તમામ

25) ભાખડા-નાંગલ યોજના કઈ નદી પરની યોજના છે ?

(A) સતલુજ

(B) રાવી

(C) ચિનાબ

(D) બિયાસ

S -

26) ભારતીય સંસ્કૃતિનું મુખ્ય ધ્યેય ________________.

(A) માત્ર આદર્શગામી હતું.

(B) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ હતું.

(C) માત્ર ભૌતિકવાદી દષ્ટિબિંદુ દર્શાવનાર હતું.

(D) માત્ર કલાકારીગરીમાં શિખરો સર કરવાનું હતું.

27) ભારતનો કયો ગ્રંથ સંગીતની ગંગોત્રી ગણાય છે ?

(A) ઋગ્વેદ (B) યજુર્વેદ

(C) સામવેદ (D) અથર્વવેદ

28) ગુજરાતી સાહિત્યના પ્રથમ મહાન કવિ કોણ ગણાય છે ?

(A) નર્મદ (B) નરસિંહ મહેતા

(C) ભાલણ (D) હેમચંદ્રાચાર્ય

29) ભારત શાંતિ અને સહિષ્ણુતાને વરેલો દેશ છે તેનું જીવંત દૃષ્ટાંત કયું છે ?

(A) સાંપ્રદાયિકતા અને સભ્યતા

(B) 'वसुधैव कुटुम्बकम्'

(C) 'सत्', 'चित्', 'आनन्द'

(D) હડપ્પીય સંસ્કૃતિ

30) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) પડખાઉ જમીન રંગે કાળી હોય છે.

(B) પહાડી જમીન અપરિપક્વ અને બહુ ઓછા કસવાળી હોય છે.

(C) કાળી જમીન લાંબા સમય સુધી ભેજ સંઘરી શકે છે.

(D) નદીના કાંપની જમીન ઉપજાઉ હોય છે.

31) ટેક્નોલૉજી એટલે ________

(A) પ્રાયોગિક જાણકારી

(B) યાંત્રિક જાણકારી

(C) વિજ્ઞાનની વ્યાવહારિક ઉપયોગિતા

(D) મશીનરીની જાણકારી

32) ગુજરાતનાં કયા સ્થળોની પરિક્રમાઓનું અનેરું મહત્ત્વ છે ?

(A) ડાકોર, અંબાજી, સાપુતારા

(B) તાપી, ચોટીલા, દ્વારકા

(C) નર્મદા, શેત્રુંજય, ગિરનાર

(D) પાવાગઢ, પાલિતાણા, મહીસાગર

33) નીચેનામાંથી કઈ કૃતિ મહાકવિ ભાસની છે ?

(A) 'માલતીમાધવ'

(B) 'સ્વપ્ન વાસવદત્તમ્'

(C) 'માલવિકાગ્નિમિત્રમ્'

(D) 'ઉત્તર રામચરિત'

34) રંગે શ્યામ, 4 થી 5 ફૂટ ઊંચી અને વાંકડિયા વાળ ધરાવતી જે પ્રજા પ્રાચીન ભારતમાં આવી હતી તે ________.

(A) આર્મેનોઈડ પ્રજા હતી.

(B) નેગ્રીટો પ્રજા હતી.

(C) મોંગોલૉઈડ પ્રજા હતી.

(D) ઑસ્ટ્રેલૉઈડ પ્રજા હતી.

35) ભારતના રાષ્ટ્રીય ચિહ્નમાં કયા પ્રાણીની આકૃતિ છે ?

(A) સિંહની

(B) વાઘની

(C) બળદની

(D) ઘોડાની

36) સ્વામી વિવેકાનંદે જે 'વિશ્વધર્મ પરિષદ' માં ભારતીય સંસ્કૃતિને ગૌરવ અપાવ્યું તે પરિષદ ________.

(A) ન્યૂયોર્કમાં ભરાઈ હતી.

(B) દિલ્લીમાં ભરાઈ હતી.

(C) શિકાગોમાં ભરાઈ હતી.

(D) વૉશિંગ્ટનમાં ભરાઈ હતી.

37) કોણાર્કનું (સૂર્યમંદિર) મંદિર કયા રાજ્યમાં આવેલું છે ?

(A) તમિલનાડુમાં (B) ઓરિસ્સામાં

(C) ગુજરાતમાં (D) મધ્યપ્રદેશમાં

38) નીચે આપેલા જોડકા લક્ષમાં લઈ ચાર વિકલ્પ પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (a) ગોળ ગુંબજ | (1) ચાંપાનેર |
| (b) સીદી સૈયદની જાળી | (2) બીજાપુર |
| (c) રૂદ્ર મહાલય | (3) અમદાવાદ |
| (d) જુમા મસ્જિદ | (4) સિધ્ધપુર |

(A) a-3, b-1, c-2, d-4 (B) a-2, b-4, c-3, d-1

(C) a-2, b-3, c-4, d-1 (D) a-1, b-3, c-2, d-4

39) ખાનગી વાહનવ્યવહારમાં મોટરકાર, મોટરબાઈક કે સ્કૂટરનો સમાવેશ થાય છે, જ્યારે જાહેર વાહનવ્યવંહારમાં રેલગાડી કે બસોનો સમાવેશ થાય છે.
શહેરોના પ્રદૂષણમાં <u>સૌથી વધુ</u> ઘટાડો થશે જો મોટાભાગનાં લોકો .............

(A) સાયકલનો ઉપયોગ શરૂ કરશે.

(B) સીએનજી જેવા ઈંધણ તરફ વળશે.

(C) જાહેર વાહનવ્યવહારના ઉપયોગ તરફ વળશે.

(D) મોટરકારને બદલે મોટરબાઈક અને સ્કૂટરનો ઉપયોગ કરશે.

40) ભારતમાં ઈ.સ.1981 માં કેન્દ્ર સરકારે કયો ધારો પસાર કર્યો છે ?

(A) ભ્રષ્ટાચાર નિયંત્રણ ધારો.

(B) જળ-પ્રદૂષણ નિયંત્રણ ધારો.

(C) વાયુ પ્રદૂષણ નિયંત્રણ ધારો.

(D) અવાજ પ્રદૂષણ નિયંત્રણ ધારો.

41) ખેતી માટે મૂળભૂત સાધન કયું છે ?

(A) આબોહવા (B) જમીન

(C) ખનીજ દ્રવ્યો (D) સિંચાઈ

42) કોનું શિલ્પ કલાની દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે ?

(A) ગણપતિનું (B) બ્રહ્માનું

(C) વિષ્ણુનું (D) નટરાજનું

43) ભૂદાન યજ્ઞના પ્રણેતા કોણ હતા ?

(A) મહાત્મા ગાંધી

(B) રવિશંકર મહારાજ

(C) આચાર્ય વિનોબા ભાવે

(D) સરદાર વલ્લભભાઈ પટેલ

44) નીચેના કયા જિલ્લામાં બૉક્સાઈટનો મોટો જથ્થો છે ?

(A) ભાવનગર (B) કચ્છ

(C) બનાસકાંઠા (D) મહેસાણા

45) નીચેનામાંથી કયા શહેરને સાત પૅગોડાના શહેર તરીકે ઓળખવામાં આવે છે ?

(A) મહાબલિપુરમ્ (B) તિરુવનંતપુરમ્

(C) કાંચીપુરમ્ (D) મદુરાઈ

46) ઈ.સ. 1991ની ઔદ્યોગિક નીતિ દ્વારા કરાયેલ સુધારામાં કઈ એક બાબત નહોતી ?

(A) ખાનગીકરણ (B) ઉદારીકરણ

(C) રાષ્ટ્રીયકરણ (D) વૈશ્વિકીકરણ

47) પૌરાણિક પરંપરા અનુસાર દેવોના પ્રથમ સ્થપતિ (આર્કિટેક) કોણ હતા ?

(A) દેવકર્મા

(B) વિશ્વકર્મા

(C) ધર્મકર્મા

(D) ઈન્દ્રકર્મા

48) વિશ્વમાં ગ્રાહક અધિકાર ઉજવણી __________ તારીખે થાય છે.

(A) 6 જાન્યુઆરીએ

(B) 15 માર્ચે

(C) 6 જૂને

(D) 10 ડીસેમ્બરે

49) તરણેતરનો પ્રખ્યાત મેળો કયા રાજ્યનો છે ?

(A) મહારાષ્ટ્ર

(B) કેરલ

(C) ગુજરાત

(D) રાજસ્થાન

50) સમાજવાદી પદ્ધતિને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) આદેશો અને પ્રોત્સાહનની પદ્ધતિ

(B) મૂડીવાદી પદ્ધતિ

(C) મુક્ત અર્થતંત્રની પદ્ધતિ

(D) નિયંત્રિત અર્થતંત્રની પદ્ધતિ